## વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના 'એઆઈસીઆરપી ઓન સીડ્સ-ગુણવત્તાસભર બીજ ઉત્પાદન' અંતર્ગત મુ. નાપા, તા. આણંદ ખાતે તા. ૫ મે ૨૦૨૩ ના રોજ 'મગફળી પાક' અંગે ફિલ્ડ ડે નું આયોજન

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના 'એઆઈસીઆરપી ઓન સીડ્સ-ગુણવત્તાસભર બીજ ઉત્પાદન' અંતર્ગત વિભાગીય સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા મુ. નાપા, તા. આણંદ ખાતે તા. ૫ મે ૨૦૨૩ ના રોજ **'મગફળી પાક'** અંગે **ફિલ્ડ ડે** નું આયોજન કરવામાં આવેલ.

આ ઉનાળુ ઋતુમાં પ્રગતિશીલ ખેડૂતશ્રી ગુલાબનબી ઝહિરમિયા કાજી મુ. નાપા, તા. આણંદને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલ મગફળીની નવી જાત જી. જી. ૩૪ નું નિદર્શન આપવામાં આવેલ. આ જાતના ઉત્તમ દેખાવથી અન્ય ખેડૂતોને માર્ગદર્શન મળે તે હેતુથી ફિલ્ડ ડે નું આયોજન કરવામાં આવેલ.

આ **ફિલ્ડ ડે** માં આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના વિભાગીય સંશોધન કેન્દ્રના વડા, નોડલ ઓફીસર(સીડ) અને સંશોધન વૈજ્ઞાનિકશ્રી ડો. એ. એસ. ભાણવડીયાની ઉપસ્થિતિમાં **'૩૫'** જેટલાં ખેડુતોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. સૌ પ્રથમ નોડલ ઓફીસર (સીડ) ડો. એ. એસ. ભાણવડીયાએ ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, નવી દિલ્હી પુરસ્કૃત યોજના 'એઆઈસીઆરપી ઓન સીડ્સ-ગુણવત્તાસભર બીજ ઉત્પાદન' આગેની માહિતી આપી. ત્યાર બાદ આ વિસ્તારના ખેડૂતોને આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવેલ **મગફળીની નવી જાત જી. જી. ૩૪** ની ખાસિયતો, અને ખેતી પધ્ધતિઓ વિષે માર્ગદર્શન આપ્યું હતું.

ત્યાર બાદ પ્રો. હિતીક્ષાબેન પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે મગફળીની વિવિધ જાતો વિષે, ડો. જ્યોતિબેન દુલેરા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે, મગફળી પાકમાં રોગ વ્યવસ્થાપન અને નિયંત્રણ વિષે, પ્રો. વી. કે. ચૌધરી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે, મગફળી પાકમાં સંકલિત જીવાત વ્યવસ્થાપન અને નિયંત્રણના વિવિધ ઉપાયો વિષે, તેમજ પ્રો. વી. બી. પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિકે ફિલ્ડ મુલાકાતમાં સ્થળ પર ઉંડાણપુર્વક માહિતી આપેલ.











